## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



બિપીનકુમાર એન. શાહ
(૧૯૪૮)ફોન : ૨૩૨૪૦૬૫૦



એસ.બી.ત્રિવેદી
(૧૯૩૬)ફોન : ૨૩૨૨૬૬૨૦



# શ્રીમંત રણજિતસિંહ મૃદુભાષી અને સાદગીસભર જીવનના આગ્રહી હતા : મુખ્યમંત્રી

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ લક્ષ્મી વિલાસ પેલેસની મુલાકાત લીધી હતી તથા કલા અને સંસ્કૃતિના પ્રખર આરાધક એવા દિવંગત પૂર્વ રાજવી શ્રીમંત રણજિતસિંહજી ગાયકવાડના અંતિમ દર્શન કરવાની સાથે તેમના પાર્થિવ દેહને પુષ્પાંજલિ આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ ભાવસભર શબ્દાંજલિ આપતાં જણાવ્યું હતું કે, શ્રીમંત રણજિતસિંહજી ગાયકવાડ મૃદુભાષી અને સાદગીસભર જીવનના આગ્રહી હતા. તેમણે સદ્ગત પૂર્વ રાજવીના પુત્ર યુવરાજ સમરજિતસિંહ ગાયકવાડ તેમજ પરિવારજનોને સાંત્વના આપી હતી. ઉલ્લેખનીય છે કે કલાના અધ્યાપક અને પૂર્વ સાંસદ શ્રીમંત રણજિતસિંહજી ગાયકવાડનું ગુરુવારની વહેલી સવારે કિડનીની બીમારીથી દુઃખદ અવસાન થયું હતું. મુખ્યમંત્રીશ્રીએ તેમની સ્મશાન યાત્રાના પ્રારંભ પૂર્વે રાજમહેલની મુલાકાત લીધી હતી અને તેમને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. સદ્ગતને અંતિમ સન્માનના રૂપમાં મુખ્યમંત્રીશ્રીએ નશ્વર દેહ પર પુષ્પચક્ર અર્પણ કર્યું હતું.



ફોર વ્હીલ સહિતના વિવિધ વાહનોના કાચ પરની કાળી ફિલ્મ પટ્ટી દૂર કરવાના કોર્ટના આદેશ બાદ આજે બનાસકાંઠા જિલ્લા ટ્રાફિક પોલિસ દ્વારા એરોમા સર્કલ નજીક વાહનોને ઉભા રાખી ગાડીના કાચ પર લાગેલી કાળી ફિલ્મ પટ્ટીઓ દૂર કરવામાં આવી હતી અને હવેથી નિયમ મુજબ ફિલ્મ પટ્ટી ન લગાવવા અનુરોધ કરવામાં આવ્યો હતો. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## ઈલેક્ટ્રીકલ સુપરવાઈઝર અને વાયરમેનની લેખિત મૌખિક પરીક્ષા લેવાશે

ગાંધીનગર, તા. ૧૧

લાયસન્સીંગ બોર્ડ-ઉદ્યોગભવન, ગાંધીનગર દ્વારા તા. ૧૯-૨૦ મેના રોજ ઈલેક્ટ્રીકલ સુપરવાઈઝર અને તા. ૨૧-૨૨ મેના રોજ ઈલેક્ટ્રીકલ વાયરમેનની પરીક્ષા યોજાશે. આ પરીક્ષા અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ, મહેસાણા, જૂનાગઢ, વલસાડ અને ભુજ કેન્દ્ર ખાતે યોજનાર છે. રોલનંબર વિદ્યુત નિરીક્ષકની કચેરીની વેબસાઈટ **www.ceiced.gujarat. gov.in** પર જોઈ શકાશે. રોલકાર્ડ ન મળે તો પરીક્ષા સ્થળોના વિદ્યુત નિરીક્ષક, સહાયક વિદ્યુત નિરીક્ષકની કચેરીનો સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

## અભિનેતા સ્વ. રમેશ મહેતાને મુખ્યમંત્રીની ભાવભરી શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૧૧

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતી ફિલ્મ જગતના વરિષ્ઠ હાસ્ય અભિનેતા રમેશ મહેતાના અવસાન અંગે ડા આઘાત અને દુઃખની લાગણી વ્યકત કરી છે.

## સાબરકાંઠા જિલ્લા ક્ષત્રિય સમાજ દ્વારા સ્નેહમિલન અને સન્માન સમારંભ યોજાશે

સલાલ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લા ક્ષત્રિય સમાજ સંગઠન દ્વારા આગામી તા. ૨૦-મે-૨૦૧૨ને રવિવારે સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ દરમિયાન હિંમતનગર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (માર્કેટયાર્ડ) ખાતે ક્ષત્રિય સમાજનો સ્નેહમિલન અને સન્માન સમારંભ યોજાશે.

આ સમારંભમાં સમગ્ર જિલ્લામાં ચૂંટાયેલા ક્ષત્રિય સરપંચો, જિલ્લા પંચાયતના સદસ્યો, જિલ્લા કક્ષાની સહકારી સંસ્થા જેવી કે સાબરકાંઠા બેંક, સાબરડેરી, જિલ્લા સંઘ, જિલ્લા સહકારી સંઘ, સહિત અન્યના ડિરેક્ટરો તથા દૂધ, સેવા સહિત અન્ય સહકારી સંસ્થાઓના તથા માર્કેટયાર્ડના ચેરમેનોનું સન્માન કરવામાં આવશે. તો આ અંગેની વધુ વિગતો માટે સંસ્થાના પ્રમુખ કાલુસિંહ રાઠોડ (મો. નં. ૯૪૨૭૯૦૯૦૩૧), મંત્રી સી.એન. જાડેજા (મો. નં. ૯૯૭૯૫૬૬૮૪૮), ઉપપ્રમુખ ચંદ્રસિંહ ઝાલા (મો. નં. ૯૪૨૮૬૪૬૯૪૬), સંગઠનમંત્રી મહેન્દ્રસિંહ રાઠોડ (મો. નં. ૯૪૨૮૮૩૩૩૫૩) તથા કચરસિંહ બારૈયા (મો. નં. ૯૭૨૬૬૭૮૫૧૪)ના મોબાઈલ નંબરનો સંપર્ક કરવો અથવા સ્ટેશન રોડ વૈભવ હોટલ પાસે હિંમતનગરમાં આવેલા સંસ્થાના કાર્યાલયનો રૂબરૂ સંપર્ક કરવા જણાવ્યું છે.

# વિજયનગરના કાલવણ નજીક અકસ્માત થતા ત્રણના મોત

હિંમતનગર, તા. ૧૧

વિજયનગર તાલુકાના કાલવણ પાટીયા પાસે શુક્રવારે બપોર બાદ ઈડરથી બાઈક પર ઝેર ગામે જઈ રહેલા પિતા, પુત્ર અને પુત્રીને અકસ્માત થતાં ત્રણેયના મોત નિપજયા હતા. બનાવ અંગે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ખબર પડતા પી.એસ.આઈ. સહિત સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. અકસ્માતનો ભોગ બનેલા ત્રણેય જણા ખેડબ્રહ્મા અને ઈડરમાં સ્કૂલમાં પ્રવેશ મેળવવા અંગે પૃચ્છા કરવા ગયા હતા.

આ અંગે મળતી માહિતી મુજબ વિજયનગર તાલુકાના ઝેર ગામે રહેતા ગુલાબભાઈ ખીમજીભાઈ ગામેતી તેમના પુત્ર દિપક (ઉં.વ. ૧૪), પુત્રી પ્રિયંકા (ઉં.વ.૧૭) ગુરૂવારે બાઈક પર બેસી ત્રણેય જણા સ્કૂલમાં પ્રવેશ મેળવવા માટે પૃચ્છા કરવા ઈડર અને ખેડબ્રહ્મા ખાતે ગયા હતા. દરમિયાન તેઓ કામ પતાવીને પરત આવી રહ્યા હતા ત્યારે ઈડર-વિજયનગર રોડ પર આવેલ કાલવણ પાટીયા પાસેથી પસાર થતા હતા ત્યારે સામેથી આવતા ટેમ્પો નંબર જીજે-૯-એક્સ-૮૧૮૮નું ટાયર અચાનક ફાટતા તેનો જોરદાર ધક્કો બાઈકને વાગતા ગુલાબભાઈ ગામેતી તથા તેમના પુત્ર અને પુત્રી અકસ્માતનો ભોગ બન્યા હતા. અકસ્માતમાં ઘટના સ્થળે જ ગુલાબભાઈ ગામેતી અને તેમના પુત્ર દિપકને ગંભીર ઈજા થતાં બંનેના ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા. દરમિયાન ગંભીર રીતે ઘવાયેલી પ્રિયંકાને સારવાર માટે ઈડર લવાઈ રહી હતી ત્યારે રસ્તામાં જ તેનું પ્રાણપંખેરૂ ઉડી ગયુ હતું. ત્યારબાદ પ્રિયંકાનો મૃતદેહને પી.એમ. માટે ઈડર પી.એસ.સી.માં અને ગુલાબભાઈ તથા દિપકના મૃતદેહને ચોરીવાડ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લવાયા હતા. ઘટના અંગે વિજયનગરના પી.એસ.આઈ. એમ.સી. વાળાને જાણ થતા તેઓ સ્ટાફ સાથે ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા. અકસ્માતમાં ભોગ બનેલ અને મોતને ભેટેલી ૧૭ વર્ષની પ્રિયંકા ગામેતીએ ચાલુ વર્ષે લેવાયેલી ધોરણઃ૧૨ આર્ટસની પરીક્ષા આપી હતી. ઉલ્લેખનીય છે કે તેનું પરિણામ હજુ આવ્યું નથી. ત્યાં તો તેણી કાળનો કોળિયો બનીને દુનિયાને અલવિદા કરી અનંત માર્ગે જતી રહી છે. ઝેર ગામના ગુલાબભાઈ ખીમજીભાઈ ગામેતીનો પુત્ર દિપક એક જ હોવાને કારણે તેના પિતા તેને ભણાવવાની મહેચ્છા રાખતા હતા. તેથી જ તો તે નવમા ધોરણમાં પાસ થયા બાદ સારૂ શિક્ષણ મળે તે આશયથી દિપકને ઈડર અથવા ખેડબ્રહ્મા ભણવા માટે મુકવાનો હતો. અને તેથી જ તો સારી સ્કૂલમાં પ્રવેશ લેવા અંગે માહિતી માટે ગુરૂવારે પુત્રી અને પુત્રને લઈને ગયા હતા. પરંતુ જાણે કે તે કુદરતને મંજુર ન હોય તેમ થયેલા અકસ્માત પરથી લાગે છે.

## આવતીકાલે ગાંધીનગરમાં યોજાશે શૈક્ષણિક અધિવેશન

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત રાજ્ય-રાષ્ટ્રીય એવોર્ડ ટીચર્સ ફેડરેશનના ઉપક્રમે ગાંધીનગરમાં કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળનો હોલ, ઘ-૬ પાસે, તા. ૧૩-૫-૨૦૧૨ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે શૈક્ષણિક અધિવેશન મળનાર છે.

અધિવેશનમાં રાજ્ય શિક્ષણમંત્રી શ્રી જયસિંહ ચૌહાણ, રાજ્યસભાના સંસદ સભ્ય અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ(ભાજપ) શ્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા ઉપસ્થિત રહેશે. ધારાસભ્ય શ્રી ઋષિકેશભાઈ પટેલ, શ્રી ગોવિંદભાઈ પ્રજાપતિ, એસ.ટી. નિગમના ચેરમેન શ્રી બી.એમ. ઘોડાસરા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેનાર છે.

વર્ષ ૨૦૧૦-૧૧ના રાજ્ય અને રાષ્ટ્રીય એવોર્ડ વિનર શિક્ષકોનું સન્માન ૭૫ થી ઉપરની વયના શિક્ષકોનું સન્માન જેવા કાર્યક્રમો યોજાશે. આ પ્રસંગે ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ શ્રી માનસિંગભાઈ ચૌધરીની યાદીમાં જણાવાયું છે.

## સમાચાર ઝલક

- ૪૫૦ યોજનાઓ, પ્રોજેક્ટ અને સંસ્થાઓ નહેરૂ વંશના નામે.
- ચીનમાં રૂપિયા નવ કરોડનો બકરો : માલિક બકરો વેચવા માટે તૈયાર નથી, તેના કાન પણ પાંખ કરતાં મોટા છે.
- ઓઇલ કંપનીઓ ખોટ કરે છે, છતાં ભારતમાં ૮ પેટ્રોલપંપ રોજ ખુલે છે.
- સી.બી.આઇ.ના ૩૦ અધિકારીઓ ગુજરાતમાં ધામા નાખ્યા છે : એન્કાઉન્ટર મુદ્દે પોલીસ અધિકારીઓ સાણસામાં આવે તેવી સંભાવના.
- મોદી-ગડકરી આગામી ચૂંટણી માટે સમાધાની વલણ અપનાવશે.
- તમામ ટી.વી. ચેનલો પર એક જ સમયે જાહેરાત પ્રસિધ્ધ થાય છે : તપાસ થશે.
- મમતા ભરી માતાને વંદન કરવાનો અવસર : રવિવારે મધર્સ-ડે.
- બાલીસણાના પરિશ્રમી ખેડૂતને ૧૮ ગુંઠામાં ૭૦૦ મણ દેશી મરચાનો પાક લીધો.
- ડીસામાં વેપારી ઉપર ચોરીનો આરોપ લગાવતાં ગરમ ઉકળતી ચા રેડી.
- ભારતમાં ૫૦ વર્ષથી વધુ ઉંમરની વસ્તી ૧૬.૫ ટકા છે, એટલે ૧૯ કરોડની છે.
- સાપુતારા નજીક ડમ્પર પુલ પરથી ૭૦ ફૂટ નીચે ખાબક્યું : ડ્રાઇવર-ક્લીનર ગંભીર.
- ગીર પંથકમાં પીપરડી સીમમાં સિંહનું રહસ્યમદ સંજોગોમાં મોત.
- પોરબંદરમાં બગવગરમાંથી દેશી રિવોલ્વર સાથે એક ઝડપાયો.
- કોડીનારના સરીઠીયા ગામે પોલીસના ત્રાસથી આધેડનો ગળા ફાંસો.
- કુકસ તથા ધનપુરામાં ગેરકાયદે કોપર બનાવતી બે ફેક્ટરીઓ સીલ.
- મહેસાણાથી જોડાટા તરફ જતી ઓ.એન.જી.સી.ની પાઇપલાઇનમાં વાલ્વ બેસાડી ઓઇલ ચોરીનું કૌભાંડ.
- પાલનપુરમાં ખાનગી જમીનમાં ખોદકામનાં મુદ્દે ઘર્ષણ.
- ડીસામાં ખેડૂતો પાસેથી આડેધડ એન્ટ્રી ટેક્સ લેવાતા હંગામો : માર્કેટયાર્ડ બંધ કરવાની ચીમકી.
- ૩૩ ચોરીઓમાં છ વર્ષથી ફરાર ડફેર મહેસાણા નજીકથી ઝડપાયો.
- ગાંધીધામમાં ગેરેજમાં અફીણ વેચતો રાજસ્થાની પકડાયો.

## આઈપીએસ અધિકારી અતુલ કરવાલની કારને વાગેલી ટક્કર

અમદાવાદ, તા.૧૧

કરાઈ પોલીસ અકાદમીના વડા અને આઈ.પી.એસ. અધિકારી અતુલ કરવાલની કારનો અકસ્માત સર્જાતા ભારે ચકચાર મચી જવા પામી છે. ડ્રાયવર કારલઈને તેમને ઘરેથી લેવા જઈ રહ્યો હતો. ત્યારે જ કોમર્સ સર્કલ પાસે અકસ્માત સર્જાયો હતો. આ અંગે ડ્રાયવરે નવરંપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે આઈપીએસ અધિકારી અતુલ કરવાલ હાલમાં કરાઈ પોલીસ અકાદમીના વડા તરીકે ફરજ બજાવે છે. આજે સવારે ૫:૩૦ વાગ્યાના સુમારે ડ્રાયવર પ્રદ્યુમનસિંહ સુરેન્દ્રસિંહ સરકારી કાર લઈને આઈપીએસ અધિકારી અતુલ કરવાલને તેમના કોમર્સ સર્કલ નજીકના રહેઠાણ ખાતે લેવા જઈ રહ્યો હતો. પ્રદ્યુમનસિંહ કાર લઈને કોમર્સ સર્કલથી પસાર થતા હતા ત્યારે એક સરકારી ટાટા સુમો પુરપાટ ઝડપે આવી હતી અને અચાનક કારને ટક્કર મારી દીધી હતી.

જેથી ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. જોકે અકસ્માતમાં કોઈને પણ ઈજા થવા પામી નહતી. ઘટનાને પગલે આસપાસના લોકો તાબડતોબ દોડી આવ્યા હતા. ઘટનાની જાણ નવરંગપુરા પોલીસને થતાં પોલીસ તુરંત ઘટના સ્થળે દોડી આવી હતી. જ્યારે આઈ.પી.એસ. અધિકારી અતુલ કરવાલને અન્ય કાર મારફતે કરાઈ જવાની ફરજ પડી હતી. આ અંગે ચાલક પ્રદ્યુમનસિંહ સુરેન્દ્રસિંહે અન્ય સરકારી કાર ચાલક વિરુધ્ધ નવરંગપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

## શબ્દાવલી - ૪૭૨૭



**આડી ચાવી**

૧. મોટી શેતરંજી જેવું પાથરણું (૩)
૪. જમીનનું એક માપ (૨)
૬. લજ્જા (૨)
૭. વારસાથી ચાલ્યું આવતું, પરંપરા (૫)
૯. આવારા (૩)
૧૧. સત્ય, સાર (૨)
૧૨. તબલા, વગાડનાર (૪)
૧૪. મોટું, વિશાળ (૩)
૧૬. નાજુકાઈ, કોમળતા (૪)
૧૮. ધક્કા મારી ચલાવાતી ગાડી (૫)
૨૧. હાથનું એક ઘરેણું (૨)
૨૨. એક જાતનું ભૂત (૩)
૨૪. નાના બાળકને લાડમાં.... કહી પણ બોલાવાય (૨)
૨૫. તલ્લીન, તરબોળ (૪)

**ઊભી ચાવી**

૧. સેફ, સચવાઈ રહેલું (૪)
૨. ખુબ સુંદર (૪)
૩. ચાર ખૂણેથી સરખું (૩)
૪. માથાના વાળ જતા રહે તો નકલી વાળની.... પહેરાય (૨)
૫. હત્યા (૨)
૮. સત્યવાળુ (૪)
૧૦. શેવાળ (૨)
૧૩. અંગારો, અગ્નિકણ (૪)
૧૫. રજની, રાત્રી (૨)
૧૭. તગડી, ફેટ (૨)
૧૮. મશ્કરી (૩)
૧૯. લડાઈ કરનાર (૩)
૨૦. પલ્લો, આંચલ (૩)
૨૨. દુશ્મની (૨)
૨૩. થાન, ફાડ્યા વગરના એક સરખા લાંબા લુગડા (૨)

**શબ્દાવલી ૪૭૨૬ના જવાબ**

**આડી ચાવી :-** (૧) સંમેલન (૬) તુલા (૭) ફરજચૂક (૧૦) કરજદાર (૧૧) લાનત (૧૨) વાડ (૧૫) ફારગતિ (૧૬) પતાકા (૧૮) રસત (૧૯) અનામત (૨૦) માજન

**ઊભી ચાવી :-** (૧) સંતુષ્ટ (૨) મેલા (૩) નફરત (૪) સજદા (૫) ખાક (૮) રજ (૯) ચૂરણ (૧૦) કનડગત (૧૧) લાવારસ (૧૩) અપમાન (૧૪) એકાતરે (૧૫) ફારસ (૧૭) તાન (૧૯) અજ

# ગોંડલ સહિતના સૌરાષ્ટ્રના કેટલાક શહેરોમાં વરસાદ

## ગુજરાતના અન્ય ભાગોમાં ચાલુ રહેલું તીવ્ર ગરમીનું મોજું

## અમદાવાદ, સુરેન્દ્રનગર ૪૦.૮, રાજકોટ ૪૧.૦ ડિગ્રી

અમદાવાદ, તા.૧૧

ગોંડલ સહિત સૌરાષ્ટ્રના કેટલાક શહેરોમાં આજે હળવો વરસાદ પડ્યો હતો. હાલમાં વાતાવરણમાં કોઈ સિસ્ટમ કાર્યરત નથી, પરંતુ લોકલ ફોર્મેશનના લીધે સૌરાષ્ટ્રના કેટલાક સ્થળોએ વરસાદ પડી રહ્યો છે. જ્યારે બીજી બાજુ સૌરાષ્ટ્ર સિવાય રાજ્યના અન્ય ભાગોમાં ગરમીનું મોજું ચાલુ રહ્યું હતું. રાજ્યના સાત શહેરોમાં ગરમી ૪૦ ડિગ્રીથી વધુ નોંધાઈ હતી. રાજ્યમાં સૌથી વધારે ગરમી રાજકોટમાં ૪૧.૦ ડીગ્રી નોંધાઈ હતી.

હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં તીવ્ર ગરમીનું પ્રમાણ ચાલુ રહેશે. જ્યારે અમદાવાદમાં આકાશ સ્વચ્છ અને મહત્તમ તાપમાન ૪૧ ડીગ્રીની આસપાસ રહેશે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૪૦.૮ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૭.૦ ડીગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૭૪ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૨૩ ટકા નોંધાયુ હતું.

## ડૉ. આંબેડકરના અપમાન બદલ સિબ્બલ માફી માગે : રમણલાલ વોરા

અમદાવાદ, તા.૧૧

માનવ સંશાધન મંત્રાલય હસ્તકના એનસીઈઆરટી દ્વારા સીબીએસઈના ધો-૧૧ના પાઠ્યપુસ્તકમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની તસ્વીર કાર્ટૂન સ્વરૂપે પ્રકાશિત કરીને તેમનું ઘોર અપમાન કર્યું હોવાનો આક્ષેપ રાજ્યના શિક્ષણમંત્રી રમણલાલ વોરાએ કર્યો છે.

રાજ્યના શિક્ષણમંત્રી રમણલાલ વોરાએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ડૉ. આંબેડકરની તસ્વીર કાર્ટૂન સ્વરૂપે પ્રકાશિત કરવાની ઘટનામાં નૈતિક જવાબદારી સ્વીકારીને કેન્દ્રિય માનવ સંશાધનમંત્રી કપીલ સિબ્બલ રાજીનામું આપે અને દેશની જનતાની માફી માંગવી જોઈએ. ભાજપના અનુ.જાતિ મોરચાના પ્રદેશ અધ્યક્ષ ડૉ. જીવરાજ ચૌહાણ અને મહામંત્રી નારણભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે ડૉ. આંબેડકરના અપમાનને ભાજપ સાંખી લેશે નહીં.


તા. ૧૨મી મે રાત્રે ૯-૧૫ કલાકે ગાંધીનગર ટાઉનહોલ ખાતે માત્ર એક જાહેર પ્રયોગ

પન્નાલાલ પટેલની પ્રખ્યાત નવલકથાનું નાટ્ય રૂપાંતર - વખણાયેલું નાટક

"મળેલા જીવ"

નાટ્ય રૂપાંતર : શશીકાન્ત નાણાવટી
નિર્માતા-દિગ્દર્શક - નિમેષ દેસાઈ ● નિર્માણ સંસ્થા : કોરસ
કલાકારો : શિવાની નાયક, શૌનક વ્યાસ, અન્નપૂર્ણા શુક્લ, પાર્થ રાવલ, રાહી પંડ્યા, પ્રકાશ જોષી તેમજ અન્ય
શ્રી પન્નાલાલ પટેલની જન્મ શતાબ્દી નિમિત્તે ખાસ રજૂઆત

ટીકીટનું બુકીંગ - બ્લોક બુકીંગ માટે
તા. ૭મી મેથી સાંજે ૬-૦૦ થી ૮-૦૦ હોલ પર અને તા.૧૧, ૧૨ મે સવારે ૯ થી ૧૨ અને સાંજે ૬ થી ૮ હોલ પર
ટીકીટનું બુકીંગ ફોન પર પણ થઈ શકે છે.
નિમેષ દેસાઈ : ૯૩૨૭૦૨૪૬૦૫,૯૮૭૯૯૬૧૬૧૧
આભાર : કિર્તીબેન ભટ્ટ ● ડો. કમલેશ પરમાર ● પ્રવીણ પી. નાયક
સહયોગ : ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમી